**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૪.૪ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૬૧ ટકા

# ગાંધીનગર વર્ષ ૨૦૨૨ પાસે અભિલાષે છે

## શહેરને ફરીથી હરિયાળુ, રળિયામણું બનાવીએ, દારૂ-ડ્રગ્સની હેરાફેરી બંધ થાય અને સંસ્કારી નગરી બનાવીએ

ગાંધીનગર, તા.૩૧

સુની શેરીઓ ને સુના રસ્તાઓ... સુના નગર કેવા જોયા... નાનકડા વિષાણુના પાયે ૨૦૨૧માં કેટલાય સ્વજનો ખોયા... અગ્નિદાહ દેવાનોય દીધો ના મોકો... લોકો ઘરમાં બેસીને જ રોયા...વાઈરસથી ટેવાઈને આખરે માનવ હવે બહાર થોડું થોડું જાય છે. હૃદયમાં ડર અને મોઢા પર માસ્ક બાંધી ડયુટીના કલાકો કપાય છે. એટલી અરજ આજ કરીએ



પ્રભુને ૨૦૨૨ તું સારું મોકલાવજે...! સેનેટાઈઝરથી છુટકારો અપાવજેને માસ્ક પણ સહુના ભગાવજે... દ્રૌપદીના ચીર પુરવા તું આવ્યો હતો માનવના માસ્ક હવે હરવા તું આવજે. પ્રભુ હવે ૨૦૨૨માં તો તું જરૂર ખુશીઓ લાવજે...

ગાંધીનગરને ૨૦૨૨ પાસે ઘણી બધી અપેક્ષાઓ છે. ગાંધીનગરને વર્ષ ૨૦૨૨માં તમામ મોરચે પ્રકાશનાં કિરણો રેલાય તેવી આશા રાખે છે. ગાંધીનગરમાં વેપાર ધંધા અને બજારોમાં નવા પ્રાણ પુરાય અને અર્થતંત્રની ગાડી પૂરપાટ દોડે તેવી આશા છે. છેલ્લા બે વર્ષથી માણસો કોરોનાથી પરેશાન છે ત્યારે આ નવા વર્ષ ૨૦૨૨થી ઘણી સારી અપેક્ષાઓ છે.

● **રેલ્વે** : ગાંધીનગરને દેશની બધી જ રાજધાનીઓ સાથે જોડતી રેલ્વેની સુવિધા મળે તેવી અપેક્ષા છે. ગાંધીનગરને મુંબઈ સુધી જોડતી એકસપ્રેસ ટ્રેન ફાળવવામાં આવી છે તે જ રીતે બીજી તમામ રાજધાની સાથે જોડતી ટ્રેન સેવા ઉપલબ્ધ કરવામાં આવે.

● **ઈન્ટરનેટ** : ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ઈન્ટરનેટની મફત સેવા ઉપલબ્ધ થાય. શહેરમાં રીલાયન્સ જીઓ કંપની તરફથી અગાઉ ફ્રી ઈન્ટરનેટ સેવાઓ આપવામાં આવી હતી. જેમાં શહેરના ઘણા વિસ્તારમાં ગાંધીનગર મનપાએ ફ્રી વાઈફાઈની સુવિધા આપી હતી. જેનો ઉપયોગ પણ શહેરીજનોએ ખૂબ પ્રમાણમાં કર્યો હતો. આજે ફરીથી વાયફાઈ ઈન્ટરનેટ સુવિધાઓ શહેર માટે ઉપલબ્ધ




કરવામાં આવે.

● **ગીફ્ટ સીટી** : ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સીટી (ગીફ્ટ સીટી)માં રિલાયન્સની વડી કચેરીઓ સ્થાપવામાં આવે. જેથી ગાંધીનગરમાં રોજગારી વધે અને સરકારની આવકમાં પણ વૃધ્ધિ થાય. ગીફ્ટ સીટી વિસ્તારના વિકાસ માટે ગાંધીનગરની પ્રવૃત્તિઓ સાથે જોડાણ થાય. સાબરમતી નદીના કિનારે અને અમદાવાદથી ૩૦ કિમી દૂર આવેલ આ વર્ટિકલ સિટી વિકાસ માટે ઈષ્ટતમ સ્થળ બની રહે છે. સ્માર્ટ, પર્યાવરણલક્ષી અને ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રકચર પુરું પાડતું ગીફ્ટસીટી બીઝિનેસ ફ્રેન્ડલી વાતાવરણ પુરું પાડવાની સાથે સાથે કામ કરવાના અને નિવાસના આંતરરાષ્ટ્રીય ધોરણો ધરાવે છે.

● **પાણીની સુવિધા** : ગાંધીનગરમાં પાણીની સમસ્યાઓ દૂર થાય અને ૨૪ કલાક નાગરિકોને પાણીની મફત સુવિધા મળી રહે. ઘણા વર્ષોથી શહેરીજનોને પીવાના પાણીની સુવિધાઓ નિયમિત રીતે મળી રહી નથી. પીવાના પાણીના ટેંકરો મંગાવવા પડતા હોય છે. પાણીની પાઈપલાઈનોમાં ભંગાણ થવાથી પીવાનું પાણી વેડફાય છે. આ સમસ્યાઓનું નિરાકરણ થાય અને શહેરીજનોને ૨૪ કલાક નિયિત પીવાનું પાણી મળી રહે.

● **લીલુંછમ ગાંધીનગર** : ગાંધીનગરની ઓળખ જ ગ્રીનરીથી થાય છે. ગાંધીનગરને ગ્રીનસીટી તરીકે ઓળખવામાં આવે છે ત્યારેવધતા જતા વિકાસના કારણે ઘણા બધા વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. જે હવે બંધ થવી જ જોઈએ. જેથી હરિયાળા શહેરનું બિરુદ ગાંધીનગરને પ્રાપ્ત થાય... ગાંધીનગરને ફરીથી હરિયાળું બનાવીએ.

● **શહેરના માર્ગો** : ગાંધીનગરમાં આવેલ તમામ માર્ગો ચ-માર્ગ જેવા બની જાય. દરેક સેકટરો, રોડ રસ્તાઓની હાલત જુદી જુદી રીતે જોવા મળે છે. વીઆઈપી વિસ્તારોમાં વીઆઈપી માર્ગો અને સામાન્ય સેકટરોમાં ખાડાવાળા કે તૂટી ગયેલા રોડ રસ્તાઓ જોવા મળે છે. તમામ માર્ગો એક સરખા વ્યવસ્થિત રીતે




બનાવવા જોઈએ.

● **રખડતા ઢોર પશુઓ** : ગાંધીનગર ઉપરાંત દરેક સ્થળે રખડતા ઢોરોની સમસ્યાઓ જોવા મળે છે.જેનાથી જાનમાલને નુકસાન પણ થાય છે. ગાંધીનગરમાં રખડતા ઢોરો-પશુઓનો પ્રશ્ન હલ થઈ જવા જોઈએ. માર્ગો પર રખડતા ઢોરો પશુઓ દેખાવા જ ન જોઈએ.

● **દબાણ** : શહેરમાં વધી રહેલા દબાણો નવા વર્ષે દૂર થઈ જવા જોઈએ. દબાણથી કોઈને મુશ્કેલીઓ ન થવી જોઈએ. ગેરરીતિથી બાંધેલા તમામ દબાણો હટાવી દેવા જોઈએ.

● **ગંદકી** : ગાંધીનગરમાં ગંદકી કોઈ પણ સ્થળે જોવા ન મળે. ગાંધીનગર મનપા દ્વારા દરરોજની ગંદકીની સફાઈ કરાવવી જ જોઈએ અને જો કોઈ ગંદકી જોવા મળે તો કડક પગલાં લેવા જોઈએ તથા ચોકકસ દંડ લેવો જોઈએ. જેથી ગંદકીની સમસ્યાઓ દૂર થાય અને ગાંધીનગરને સ્વચ્છતાનું બિરુદ મળે.

● **ડોર ટુ ડોર કચરો** : ગાંધીનગર મનપા દ્વારા કચરો લેવા માટે ડોર ટુ ડોર કચરાગાડીની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પરંતુ તે નિયમિત રીતે કાર્યરત ન હોવાથીઆ અભિયાન સો ટકા સફળ થયું નથી. નવા વર્ષમાં નિયમિત ડોર ટુ ડોર કચરા ગાડી પહોંચે તેવી સુવિધા મળે અને શેરી સફાઈ નિયમિતપણે કાર્યરત રહે.

● **ટ્રાફિક સિગ્નલ** : ગાંધીનગરમાં ટ્રાફિક સમસ્યાઓના નિવારણ માટે ટ્રાફિક સિગ્નલોની સુવિધાઓ કરવામાં આવી છે પરંતુ ઘણા બધા નાગરિકો તેનો ભંગ કરી રહ્યા છે. રેડ સિગ્નલમાં પણ પોતાનું વાહન ચલાવે છે. જેથી અકસ્માતો પણ થઈ રહ્યા છે. ટ્રાફિક સિગ્નલોના નિયમનું પાલન કરવું જોઈએ. ગાંધીનગરમાં ખુલ્લા અને પહોળા માર્ગો હોવાથી જેમ તેમ વાહનો ડ્રાઈવ કરવાનું બંધ થવું જોઈએ.

● **દારૂ-ડ્રગ્સની હેરાફેરી** : ગાંધીનગરમાં દરરોજ દારૂ પકડાવવાની ફરિયાદો નોંધાતી હોય છે. યુવા વર્ગ દારૂ-ડ્રગ્સને રવાડે ચઢયો છે અને અસામાજિક તત્વો યુવા પેઢીને અવળે પાટે ચઢાવી રહ્યા છે. આ દારૂ-ડ્રગ્સની હેરાફેરી બંધ થવી જ જોઈએ. દારૂબંધી હોવા છતાં ભરપુર માત્રામાં દારૂનો જથ્થો પકડાય છે જે તંત્ર માટે શરમજનક છે.

● **વૃધ્ધાશ્રમ બંધ થવા જોઈએ** : વૃધ્ધાશ્રમમાં સિનિયર સિટિઝનોની સંખ્યા વધી રહી છે. સંસ્કારોનું સિંચન સાચી રીતે થયું હોય તેવા પરિવારોમાં વૃધ્ધાશ્રમનો માર્ગ જોવા મળતો નથી. યુવા વર્ગે જોઈન્ટ ફેમિલીમાં રહેવાનું શીખવું જોઈએ. જે માતા પિતાએ બાળકોને ઉછેરીને મોટા કર્યા હોય છે તે જ બાળકો મોટા થઈને માતા પિતાને વૃધ્ધાશ્રમમાં છોડી આવે છે. દયાભાવ જેવું કાંઈ રહ્યું જ નથી. સંસ્કારો સારા હોય તેવા બાળકો કયારે પણ માતા પિતાનો વૃધ્ધાશ્રમમાં ન છોડી આવે.

## ૠષિવંશી સમાજ સેવા ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૩૧

ૠષિવંશી સમાજ સેવા ફાઉન્ડેશન દ્વારા કરાગે નેચરો વેદિકના સહયોગથી ગાંધીનગર જિલ્લાના રહેવાસીઓ માટે નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ડૉ. કંદર્પ ત્રિવેદી, ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. રાજેન્દ્ર વસૈયા, ડૉ. ધ્રુવ વઘાસીયા, ડૉ. હાર્દિક પરમાર અને ડૉ. ભૂમિકા રાઠોડ તેમની સેવાઓ આપશે. આ કેમ્પનું આયોજન ૨જી તારીખને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાકે યોજાશે. જે પ્લોટ નં. ૪૯૧-એ, ગાયત્રી મંદિરની પાછળ, સેકટર-૧ ખાતે યોજાશે. આ કેમ્પ માટે એપોઈન્ટમેન્ટ લેવા માટે મો. ૯૯૭૯૫ ૦૭૧૭૭, ૭૯૯૦૯ ૮૮૦૯૨, ૮૭૩૩૯ ૬૭૧૨૭ નંબર પર સંપર્ક કરવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ નોંધાવેલ વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

## મુખ્ય સેવિકાની ભરતી માટે એકાએક શૈક્ષણિક લાયકાત વધારી દેવાતા બહેનોમાં નિરાશા

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા મુખ્ય સેવિકાની લેવાનારી ભરતી માટે શૈક્ષણિક લાયકાતમાં અચાનક ફેરફાર કરવામાં આવતા લાંબા સમયથી મહેનત કરતી રાજયની મોટાભાગની શિક્ષિત બહેનો પરિક્ષાથી વંચિત રહેશે ત્યારે વિભાગ દ્વારા કરેલો પરિપત્ર પાછો ખેંચવા અને જૂના નિયમ મુજબ ભરતી પરીક્ષા લેવાની પ્રબળ માંગણી કરી છે. રાજયમાં પેપર લીક થવાની ઘટનાઓ બાદ હવે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનારી મુખ્ય સેવિકાની પરીક્ષામાં શૈક્ષણિક



લાયકાતમાં અચાનક ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના કારણે રાજયની મોટી સંખ્યામાં શિક્ષિત બેરોજગાર મહિલાઓ મુખ્ય સેવિકાની પરીક્ષાથી વંચિત રહે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. આ અંગે કેટલીક મહિલા ઉમેદવારોએ જણાવ્યું હતું કે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા અત્યાર સુધી સ્નાતક કક્ષાની લાયકાત ઉપર મુખ્ય સેવિકાની પરીક્ષાઓ લેવામાં આવતી હતી પરંતુ તાજેતરમાં ૨૭મીના રોજ પંચાયત વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં ઉલ્લેખ કર્યો છે કે મુખ્ય સેવિકાની પરીક્ષા હવે સ્નાતક કક્ષાની લાયકાત ઉપર નહીં પરંતુ હોમ સાયન્સ અને ચાઈલ્ડ ડેવલપમેન્ટનો કોર્સ કર્યો હશે તે જ ઉમેદવાર આ પરીક્ષાને માટે લાયક રહેશે. આવા પરિપત્રના કારણે કોરોનાના કપરા સમય વચ્ચે છેલ્લા બે ત્રણ વર્ષથી મુખ્ય સેવિકાની તૈયારીઓ કરતી બહેનો માટે નવી મુસીબત ઉભી થઈ ગઈ છે. આ તબક્કે બહેનોએ એવી રજુઆત કરી હતી કે હવે આ ભરતી પ્રક્રીયાની પરીક્ષા માટેના ફોર્મ ભરવાનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે અચાનક ગુજરાત પંચાયત, સેવા પસંદગી મંડળે શૈક્ષણિક લાયકાતમાં કરેલા ફેરફારના કારણે સ્નાતક કક્ષાની શિક્ષિત બેરોજગાર મહિલાઓને અન્યાય થયો છે.

## બિલેશ્વરપુરા પ્રાથમિક શાળાના શિક્ષકોનો અનોખો નવતર પ્રયોગ



ગાંધીનગર, તા.૩૧

બિલેશ્વરપુરા પ્રાથમિક શાળામાં તાજેતરમાં જ એક રમકડા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મબળ દ્વારા આત્મગૌરવ વિષય આધારિત રમકડા મેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૫૦ બાળકોએ સ્વની રીતે રમકડા બનાવી વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ સર્જન કરી ભાગ લીધો હતો. આ રમકડાં મેળામાં સી.આર.સી, સરપંચ શ્રી, શાળા સ્ટાફ તેમજ દાતાશ્રીઓએ હાજરી આપી હતી, અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. મિત્તલ બેન પંડ્યા દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન થયું હતું.

વિલેજ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી નરેશજી ઠાકોર અને સભ્યશ્રી સુનિલજી ઠાકોર અને એમની ટીમ દ્વારા બાળકોને કંપાસ બોક્સ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વાવોલ ખાતે લોકડાયરો યોજાયો

વાવોલ ખાતે સુક્રિષ્ના સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી રામજી મંદિરના સાંનિધ્યમાં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિપ પ્રાગટય રામજી મંદિરના મહંતે કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન એન.સી. ચૌહાણે કર્યું હતું. જયારે કાર્યક્રમની આભારવિધિ સંસ્થાના પ્રમુખ રીતેશ ભટ્ટે કરી હતી. જેમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.






એસ. કે.પટેલ કે.જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ક્રિસમસ ડે સેલિબ્રેસન નિમિતે રેડ ડેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓ રેડ કલરના કપડાં પહેરીને આવ્યા હતાં. સ્કૂલના કર્મચારીઓએ શાંતાકલોઝ બનીને બાળકોનું મનોરંજન કરાવ્યુ હતું.

## ગાંધીનગરમાં ટી-૧૦ હાર્ડ ટેનિસ બોલ વિમેન્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

### ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે ટૂર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો : દુર્ગાવતી ટીમ ચેમ્પિયન અને તારારાની ટીમ રનર્સ અપ રહી

ગાંધીનગર, તા.૩૧


દેશની લોકપ્રિય રમત ક્રિકેટમાં હવે ધીરે ધીરે મહિલાઓ પણ વધુને વધુ રસ લઈને ઉત્સાહપૂર્વક ભાગ લેવા સાથે પોતાની પ્રતિભા ઝળકાવી રહી છે. આજે ગાંધીનગર ખાતે મહિલા ક્રિકેટમાં આગળ વધવા માંગતી દિકરીઓ માટે કુડાસણમાં કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'ટી-૧૦ વિમેન્સ હાર્ડ ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં શહેરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે ઉપસ્થિત રહી ટૂર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરના પૂર્વ રણજી અને આઈપીએલ ખેલાડી સલીલ યાદવ ઉપસ્થિત રહ્યા હતા. ટુર્નામેન્ટમાં દુર્ગાવતી ટીમ ચેમ્પિયન જ્યારે તારારાની ટીમ રનર્સ અપ રહી હતી જેમને ગુજરાતની ટીમના ભુતપૂર્વ મહિલા ક્રિકેટર મીતા શાહના હસ્તે ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

ટી-૧૦ વિમેન્સ હાર્ડ ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટના ઉદ્દઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે જણાવ્યુ હતું કે 'ગાંધીનગર શહેર અને જિલ્લાની દીકરીઓ ક્રિકેટ સહિત કોઈપણ રમતગમત ક્ષેત્રે આગળ આવે તે ખૂબ સારી બાબત છે. તેઓ હમેશા તેમને પ્રોત્સાહિત કરવા અને મદદરૂપ થવા તૈયાર છે.' આ સાથે ડેપ્યુટી મેયરે ટી-૧૦ વિમેન્સ હાર્ડ ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન માટે ગુજરાતની ટીમના પૂર્વ મહિલા ખેલાડી કુ.દર્શન રાજપૂતના પ્રયાસની પ્રસંશા કરી હતી તેમજ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ટુર્નામેન્ટમાં કુલ પાંચ ટીમોએ ભાગ લીધો હતો અને દરેક મૅચ દસ દસ ઓવરની રમાડવામાં આવી હતી જેમાં ક્રિકેટમાં આગળ વધવા ઈચ્છતી દીકરીઓને રમવાની તક આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન ગાંધીનગર જિલ્લાની દહેગામની વતની અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનની મહિલા ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી તથા પૂર્વ કૅપ્ટન કુ.દર્શન રાજપૂત તથા પૂર્વ ખેલાડી અર્જુન તમંચે દ્વારા કરવામાં આવ્યું હતુ.



### બેસ્ટ પરફોર્મન્સ કરનારા ખેલાડીઓનું સન્માન

આ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન દુર્ગાવતી ટીમ અને રનર્સઅપ તારારાની ટીમને ટ્રોફી ઉપરાંત બેસ્ટ બેસ્ટમેન તરીકે તારારાની ટીમની કૈલાશ મકવાણા, બેસ્ટ બોલર તરીકે દુર્ગાવતી ટીમની નિમિષા, બેસ્ટ ફિલ્ડર તરીકે વેલુ નચિયાર ટીમની આશા, બેસ્ટ વિકેટકીપર તરીકે વેલુ નચિયાર ટીમની ધ્રુવી અને બેસ્ટ ઑલરાઉન્ડર તરીકે દુર્ગાવતી ટીમની શિલ્પાને મેડલ્સ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. બારોટ રાજન ગોપાલભાઈ**, ઉ.વ. ૨૯, વાવોલ
- **સ્વ. ચૌહાણ શાન્તાબેન ફતેસિંહ**, ઉ.વ. ૭૫, સેકટર-૬

## જન્મદિને વધામણી



રાજુભાઈ સોની



કરસનદાસ આર. શ્રીમાળી
મો. ૭૯૯૦૦ ૩૧૭૮૩



મિનલ ભર્ગદિવ ભટ્ટ
ફોન : ૨૩૨૪૩૨૫૩



જૈનીશ કે. માજીરાણા



માનાજી મોદી
મો. ૯૩૨૭૦ ૨૯૭૦૪



શાન્તાબેન મોદી



વિજયકુમાર બારોટ
મો. ૯૪૨૭૯ ૫૮૯૫૮



પટેલ અનિલકુમાર બાબુભાઈ
સરપંચ, મોખાસણ, તા. કલોલ



ચૌધરી ધવલભાઈ વાલજીભાઈ
મો. ૯૬૨૪૮૦૩૩૨૮



તનિષ્કા જી પરમાર
મો. ૯૯૦૪૮ ૩૭૧૧૫